આરોપી ગુજસીટોક અને વિદેશી દારૂના બે ગુનામાં ફરાર હતો

# વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં દારૂનું નેટવર્ક ચલાવનાર લિકરકિંગ લાલુ સિંધી ઝડપાયો

**80થી** વધુ ગુનાઓમાં સંડોવાયેલા લાલુને 7 વખત પાસા હેઠળ જેલ ભેગો પણ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ગુજસીટોકના ગુના તથા કરોડોના વિદેશી દારૂના ગુનામાં નાસતા ફરતા લીસ્ટેડ બુટલેગર લાલચંદ ઉર્ફે લાલુ સિંધીને ઝડપી પાડ્યો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોડાસા નજીક માલપુર ખાતે વોચ ગોઠવી આરોપીને કિયા સેલ્ટોસ કાર સાથે કુખ્યાતને ઝડપી પાડી વધુ તપાસ માટે એફ ડિવિઝન ACPને સોંપ્યો છે.

વડોદરા શહેરના નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં તેમજ જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડાયેલા કરોડોની કિંમતના વિદેશી દારૂના જથ્થાના ગુનામાં પ્રોહી બુટલેગર લાલચંદ ઉર્ફે લાલુ સિંધી હેમનદાસ ખાનાની સંડોવાયેલો હતો. બંને ગુનામાં ધરપકડ ટાળવા માટે આરોપી ફરાર થઈ નાસતો ફરતો હતો.

આ ફરાર આરોપીને ઝડપી પાડવા માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે



સતત તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળેલી માહિતીના આધારે ટીમ મોડાસા પહોચી હતી. ત્યારબાદ લાલચંદ ઉર્ફે લાલુ સિંધી તેની કિયા સેલ્ટોસ કારમાં શહેરાથી મોડાસા રોડ પર માલપુર તરફથી પસાર થવાનો હતો. માહિતી મળતા જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ માલપુર ખાતે પહોંચી રોડ પર ખાનગી રીતે વોચમાં ગોઠવાઈ હતી.

વોચ દરમિયાન માહિતી મુજબની કાર પસાર થતી દેખાતા પોલીસે કારને અટકાવી તપાસ કરતા કારમાંથી લાલચંદ ઉર્ફે લાલુ સિંધી હેમનદાસ ખાનાની (રહે. રોયલ હાઈટ્સ, ધોબી તળાવ પાસે, વારશિયા, વડોદરા) ને ઝડપી પાડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આરોપી લાલચંદ ઉર્ફે લાલુ સિંધી સામે અગાઉ વિદેશી દારૂ, હત્યા, ખંડણી, મારામારી સહિતના આશરે 80 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની ગુનાહિત પ્રવૃત્તિઓને કારણે તે અગાઉ 7 વખત પાસા હેઠળ ગુજરાત રાજ્યની વિવિધ જેલોમાં મોકલાયો છે.

પરિવારની રૂબરૂ મુલાકાત લઈ આપ્યું હૂંફાળું માર્ગદર્શન

# ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓની વહારે બાળ કલ્યાણ સમિતિ

(પ્રતિનિધિ) વડોદરા. તા.21



ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓના પરિવાર માટે વડોદરાની બાળ કલ્યાણ સમિતિ આશાનું કિરણ બની છે. અકસ્માત બાદ આર્થિક અને માનસિક સંઘર્ષમાંથી પસાર થઈ રહેલા પરિવારને હૂંફ અને સહારો આપવા બાળ કલ્યાણ સમિતિ દ્વારા ખાસ રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી.

બાળ કલ્યાણ સમિતિ, જિલ્લા બાળ સુરક્ષા એકમ અને હાઉસ ઓફ હ્યુમાનીટી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ મુલાકાતનો મુખ્ય હેતુ પરિવારને માનસિક આધાર પૂરો પાડવાનો તેમજ બાળકોના ભવિષ્ય માટે જરૂરી માર્ગદર્શન આપવાનો હતો. અધિકારીઓએ પરિવાર સાથે સંવેદનશીલ ચર્ચા કરી તેમની જરૂરિયાતો અંગે માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન પરિવારને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી, જેથી બાળકોને શિક્ષણ, આરોગ્ય સહિતની તમામ જરૂરી સુવિધાઓ મળી રહે. હાઉસ ઓફ હ્યુમાનીટી સંસ્થાના પ્રમુખ દ્વારા બાળકોને મળતી સહાય અને સુવિધાઓનું સતત નિરીક્ષણ કરવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી.

બાળ કલ્યાણ સમિતિએ પરિવારને માત્ર આશ્વાસન જ નહીં, પરંતુ વ્યવહારૂ મદદની પણ ખાતરી આપી હતી. બાળકોના વાલીને જરૂરી દસ્તાવેજો મેળવવામાં કોઈ મુશ્કેલી પડે તો સમિતિ દ્વારા સંપૂર્ણ સહાય આપવામાં આવશે તેમ જણાવાયું હતું.

ઉલ્લેખનીય છે કે, બાળ કલ્યાણ સમિતિએ લગભગ પાંચ મહિના અગાઉ પણ આ પરિવારની સ્થિતિની નોંધ લઈ સહાય માટે પ્રયાસો શરૂ કર્યા હતા. આ મુલાકાત માત્ર ઔપચારિકતા નહીં પરંતુ પરિવારને સતત સહયોગ અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ બની રહી છે.

પરિવારજનોએ બાળ કલ્યાણ સમિતિના ચેરમેન મેહુલ લાખાણી, સભ્ય મોનિકાબેન યાજ્ઞિક, બાળ સુરક્ષા એકમના રિતેશ ગુપ્તા, દક્ષેશભાઈ રાજ તથા હાઉસ ઓફ હ્યુમાનીટીના પ્રમુખ હર્ષ રાવનો આભાર વ્યક્ત કર્યો હતો.

દ્વાદશ નિકુંજની દિવ્ય સજાવટ વચ્ચે હજારો વૈષ્ણવોએ કર્યા દર્શન

# પુરુષોત્તમ માસ નિમિતે માંજલપુર વ્રજધામમાં ભવ્ય છપ્પનભોગ મનોરથ

**પૂ.પા. શ્રી** વ્રજરાજ કુમારજી મહારાજશ્રીના આશીર્વાદનો લાભ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.21



હિન્દુ ધર્મમાં અત્યંત પવિત્ર માનવામાં આવતા પુરુષોત્તમ માસ (અધિક માસ) નિમિત્તે માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે ભવ્ય “છપ્પનભોગ મનોરથ”નું આયોજન કરવામાં આવ્યું હતું. પુષ્ટિમાર્ગીય હવેલી પરંપરા અનુસાર યોજાયેલા આ દિવ્ય મનોરથમાં હજારો વૈષ્ણવોએ હાજરી આપી શ્રીપ્રભુના અલૌકિક દર્શનનો લાભ લીધો હતો.

વ્રજધામ આધ્યાત્મિક સંકુલના સર્વાધ્યક્ષ વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના મનોરથ સ્વરૂપે સમગ્ર અધિક માસ દરમિયાન તા.17 મેથી 15 જૂન સુધી વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત તા.20 મે, બુધવારના રોજ “દ્વાદશ નિકુંજમાં છપ્પનભોગ મનોરથ” વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ પ્રસંગે ૧૨ કલાત્મક અને અતિદિવ્ય ફૂલોના નિકુંજોની ભવ્ય સજાવટ કરવામાં આવી હતી. શ્રીપ્રભુને આ સુંદર નિકુંજોમાં પધરાવી વિવિધ પ્રકારની ભોગ સામગ્રી અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને વૈષ્ણવોમાં અનોખો આધ્યાત્મિક ઉત્સાહ જોવા મળ્યો હતો.

છપ્પનભોગ મનોરથના દિવ્ય દર્શન માટે મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડ્યા હતા. ભક્તોએ શ્રીપ્રભુના દર્શન સાથે પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના આશીર્વાદ અને સાનિધ્યનો પણ લાભ લીધો હતો. સમગ્ર આયોજનને કારણે વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ભક્તિમય રંગે રંગાઈ ગયું હતું.

# રાજ્ય નવી શિક્ષણ પદ્ધતિનો અમલ ધો. 1 થી 8માં પાસ-નાપાસ પ્રથા બંધ

**વિદ્યાર્થીઓની** સર્વાંગી મૂલ્યાંકન માટે પાસ-નાપાસની જગ્યાએ આવશે HPC કાર્ડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ગુજરાત સરકારે શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેતા ધોરણ 1 થી 8માં પાસ-નાપાસની પ્રથા નાબૂદ કરવાનો નિર્ણય કર્યો છે. નવી શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત હવે રાજ્યમાં નવી મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓ પરનો પરીક્ષાનો દબાણ ઘટાડવા અને શિક્ષણને વધુ આનંદદાયક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નવી પદ્ધતિ મુજબ હવે ધોરણ 1 થી 8ના વિદ્યાર્થીઓને નાપાસ કરવામાં નહીં આવે. તેના બદલે વિદ્યાર્થીઓને “હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ” આપવામાં આવશે. આ કાર્ડમાં માત્ર શૈક્ષણિક ગુણ નહીં પરંતુ વિદ્યાર્થીની કૌશલ્ય, રુચિ, વર્તન, રમતગમત, કલા, સર્જનાત્મકતા અને જીવન કૌશલ્યોનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને આ નવી પદ્ધતિ તૈયાર કરવામાં આવી છે.

હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડમાં શિક્ષક, વાલી અને વિદ્યાર્થીના સ્વ-મૂલ્યાંકનનો પણ સમાવેશ કરવામાં આવશે. વિદ્યાર્થી પોતાનું મૂલ્યાંકન કરવાની સાથે સહપાઠીઓ અને શિક્ષકો દ્વારા મળતા પ્રતિસાદને પણ મહત્વ આપવામાં આવશે. શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ચાલુ શૈક્ષણિક વર્ષથી રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં આ નવી પદ્ધતિનો તબક્કાવાર અમલ શરૂ થશે.

સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો પરથી નાપાસ થવાનો ભય દૂર કરવાનો અને દરેક બાળકની અંદર રહેલી વિશેષ પ્રતિભાને ઓળખી યોગ્ય માર્ગદર્શન આપવાનો છે. શિક્ષણને માત્ર ગુણ આધારિત ન રાખીને વિદ્યાર્થી કેન્દ્રિત અને વ્યવહારૂ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભોગ બનેલો ઉત્તર પ્રદેશનો યુવક ટેરેસ પર કામ કરી રહ્યો હતો

# સિલિન્ડર બ્લાસ્ટ કેસમા ધ કન્ટેનર પાર્કમા સોડા શોપના સંચાલક સામે ગુનો નોંધાયો

**ગોત્રી** રોડ પર આવેલા ફૂડ કોર્ટમાં બોટલમાં બ્લાસ્ટ થતા ફેબ્રિકેશન કામ કરતા શ્રમિકનુ મોત મોત થયુ હતુ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના ગોત્રી રોડ વિસ્તારમાં આવેલી ફૂડ કોર્ટમાં સોડા શોપમાં થયેલા ગેસ સિલિન્ડર બ્લાસ્ટની ઘટનામાં એક નિર્દોષ શ્રમિક યુવકનું કરુણ મોત નીપજતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે ગેસ સિલિન્ડર અંદાજે 700 મીટર દૂર આવેલી સોસાયટીના ટેરેસ પર જઈ પડ્યું હતું. આ મામલે પોલીસે સોડા શોપના સંચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગોત્રી રોડ પર આવેલી ‘ધ કન્ટેનર પાર્ક’ ફૂડ કોર્ટમાં ‘ફાઉન્ટેન સોડા’ નામની દુકાનમાં ગત 16 મેના રોજ બપોરના સમયે અચાનક ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. ધડાકાનો અવાજ દૂર દૂર સુધી સંભળાયો હતો અને લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. બ્લાસ્ટના કારણે લોખંડનું સિલિન્ડર હવામાં ઉડીને નજીકની ‘શ્રીકુંજ ગ્રીન્સ’ સોસાયટી સુધી પહોંચી ગયું હતું.

તે સમયે મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના રહેવાસી અને હાલ વડોદરામાં કામ કરતા મુકેશગીરી રામસ્વરૂપ ગીરી તથા ધર્મેન્દ્રકુમાર ગીરી ટેરેસ પર ફેબ્રિકેશનનું કામ કરી રહ્યા હતા. દરમિયાન ઉડીને આવેલું સિલિન્ડર ટેરેસની દીવાલ તોડી સીધું મુકેશગીરીને અથડાયું હતું. અકસ્માતમાં તેમના પેટ અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ સ્થળ પર જ ઢળી પડ્યા હતા.

ઘટનાની જાણ થતા મકાન માલિક અને સ્થાનિક લોકો તરત જ દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ગોત્રી જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકના ભાઈ જીતેન્દ્રભાઈ રામસ્વરૂપ ગીરીએ સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ‘ધ કન્ટેનર પાર્ક’માં આવેલી સોડા શોપના સંચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ઘટનાને લઈને આસપાસના વેપારીઓ અને સ્થાનિકોમાં પણ ભય અને ચિંતા જોવા મળી રહી છે.

રોટેક્સ ઓટોમેશન તરફથી CSR હેઠળ 40 લાખના સાધનો અર્પણ

# સયાજી હોસ્પિટલમાં મગજ અને કરોડરજ્જુની જટિલ સર્જરી હવે વધુ ચોકસાઈથી થશે

**ન્યૂરો** સર્જરી વિભાગ હવે બનશે વધુ સક્ષમ અને આધુનિક

(પ્રતિનિધિ) વડોદરા. તા.21



વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર લેતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. મકરપુરા GIDC ખાતે કાર્યરત જાણીતી કંપની ‘રોટેક્સ ઓટોમેશન’ દ્વારા CSR પ્રવૃત્તિ અંતર્ગત હોસ્પિટલને અંદાજે રૂ.35થી 40 લાખના અત્યાધુનિક તબીબી સાધનો ભેટ આપવામાં આવ્યા છે. આ સાધનોના ઉમેરાથી હોસ્પિટલના ન્યૂરો સર્જરી વિભાગની કામગીરી વધુ સશક્ત બની છે.

ન્યૂરો સર્જરી અત્યંત જટિલ અને ચોકસાઈ માગતી સારવાર માનવામાં આવે છે. અત્યાર સુધી કેટલાક આધુનિક સાધનોના અભાવે દર્દીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, પરંતુ હવે નવા સાધનોના કારણે મગજ અને કરોડરજ્જુ સંબંધિત સર્જરી વધુ સુરક્ષિત અને સચોટ રીતે કરી શકાશે. તબીબોને ઓપરેશન દરમિયાન વધુ ટેકનિકલ સહાય અને સ્પષ્ટતા મળતા સફળતાનો દર પણ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રોટેક્સ ઓટોમેશનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, સમાજ પ્રત્યેની જવાબદારીના ભાગરૂપે કંપની લોકકલ્યાણના કાર્યોમાં સતત સહભાગી બની રહી છે. સયાજી હોસ્પિટલ હજારો દર્દીઓ માટે આશાનું કેન્દ્ર હોવાથી અહીં આવતાં દર્દીઓને અદ્યતન અને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી આ સાધનો ભેટ આપવામાં આવ્યા છે.

સયાજી હોસ્પિટલના તબીબી નિષ્ણાતોના જણાવ્યા મુજબ ખાનગી હોસ્પિટલોમાં લાખો રૂપિયાનો ખર્ચ થતી ન્યૂરો સર્જરી હવે હોસ્પિટલમાં વિનામૂલ્યે ઉપલબ્ધ બની શકશે. ખાસ કરીને આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના પરિવારોને આ સુવિધાથી મોટી રાહત મળશે.

હોસ્પિટલના વહીવટીતંત્રે રોટેક્સ ઓટોમેશનની સેવાભાવી પહેલને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે ઉદ્યોગો જ્યારે સમાજહિતના કાર્યોમાં સહભાગી બને છે ત્યારે જાહેર આરોગ્ય સેવાઓનું સ્તર વધુ મજબૂત બને છે.

# ૨૬ મેના રોજ રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી જાગૃતિ કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.21

ખેડૂતો, નાના વેપારીઓ અને સ્વરોજગાર સાથે જોડાયેલા નાગરિકોને આર્થિક સુરક્ષા અંગે જાગૃત કરવા PFRDA અને SLBC ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ તા.26 મે, મંગળવારે સવારે 10:30 વાગ્યે વડોદરાની મેરિયટ હોટેલ ખાતે યોજાનાર છે.

કાર્યક્રમમાં રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી (NPS) દ્વારા નિવૃત્તિ પછીની આર્થિક સુરક્ષા, નિયમિત આવક અને લાંબા ગાળાના નાણાકીય આયોજન અંગે માર્ગદર્શન આપવામાં આવશે. નિષ્ણાતો વધતી મોંઘવારી અને અનિશ્ચિત આવક વચ્ચે બચત અને પેન્શન યોજનાઓનું મહત્વ સમજાવશે. આ ઉપરાંત NPSમાં રોકાણના લાભો, કર બચત અને નાની રકમથી મજબૂત પેન્શન ફંડ તૈયાર કરવાની માહિતી પણ આપવામાં આવશે. ખેડૂત, વેપારી અને યુવાનોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

પાણીગેટ પોલીસ સ્ટેશનના પી.આઈ અને સ્ટાફની નિષ્ક્રિય કામગીરી સામે ઉઠેલા સવાલ

# પાણીગેટ પોલીસના નાક નીચે ધમધમતા જુગારધામ પર પીસીબીનો દરોડો : 11 ખેલીઓ ઝડપાયા

**પાણીગેટ વિસ્તારમાં** હજુ પણ પીસીબી દ્વારા રેડ કરવામાં આવે તો ઘણા દારૂ અને જુગારના અડ્ડા પર્દાફાશ થાય તેમ છે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

પાણીગેટ પોલીસના આશીર્વાદથી વિસ્તારમાં દારૂ અને જુગારના અડ્ડા બિન્દાસ્ત રીતે ધમધમી રહ્યા છે, પરંતુ પીઆઈ એ બી પટેલ સહિતના સ્ટાફ આ ગેરકાયદે ચાલતી પ્રવૃત્તિ સામે કાર્યવાહી નહીં કરી ઉદાસીનતા દાખવે છે. જેના પગલે અન્ય એજન્સીએ આ વિસ્તારમાં ચાલતા ગેરકાયદે ધંધા સામે સપાટો બોલાવવાનું શરૂ કર્યું છે અને ચંદ્રપ્રભા નગર ઉડાના મકાનમાં ધમધમતા જુગારધામ પર પીસીબીએ દરોડો પાડી



11 ખેલીને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન રોકડ રકમ, મોબાઈલ ફોન અને મળી રૂ. 78 હજારનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પાણીગેટ પોલીસ સ્ટેશનની નિષ્ક્રિય કામગીરીના કારણે બુટલેગરો અને જુગારના અડ્ડા ચલાવનાર શખ્સોને મોકળુ મેદાન મળી ગયું છે. પરિણામે આ વિસ્તારમાં દારૂ અને જુગારના અડ્ડા બેખૌફ ચાલી રહ્યા છે.

દરમિયાન બુધવારના રોજ પીસીબી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે પાણીગેટ વિસ્તારના ચંદ્રપ્રભાનગર વુડાના મકાન બ્લોક નં. 02, રૂમ નં. 10 ખાતે બચુભાઈ વસાવા પોતાના મકાનમાં જુગારધામ ધમી રહ્યો છે.જેના આધારે પીસીબીની ટીમે બાતમી મુજબના સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરોડાની પગલે જુગારીયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે મકાનની અંદરથી કેટલાક ઈસમો ગોળ કુંડાળું વળી પત્તા-પાનાથી જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

પોલીસે સ્થળ પરથી મુખ્ય આરોપી બચુ કાલુ વસાવા સહિત મહેશ પાટણવાડીયા, લીલા દેવીપુજક, નવીન મુનારા, કુણાલ ચીખલે, પોચેશ વસાવા, દિપક દેવીપુજક, પ્રવિણ વણઝારા, આકાશ રાઠોડ, વિજય રાઠોડ અને શંકર માછી સહિત 11 ખેલીને ઝડપી પાડ્યા હતા. જ્યારે પાણીગેટ પોલીસ ઊંઘથી ઝડપાઈ હતી.પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, 7 મોબાઈલ સહિત રૂ. 78 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પીસીબીએ જુગારીયાઓ અને મુદ્દામાલ પાણીગેટ પોલીસને સોંપ્યા છે.

વડોદરાને ટ્રાફિક મુક્ત બનાવવા મહાનગરપાલિકાની કડક કાર્યવાહી

# ટ્રાફિકને નડતરરૂપ ગેરકાયદેસર અતિક્રમણો દૂર કરાયા, ફૂલવાળાઓનો સામાન પણ જપ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.21



વડોદરા શહેરને વધુ સુવ્યવસ્થિત, સ્વચ્છ અને ટ્રાફિક મુક્ત બનાવવા વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પાલિકાની આ આક્રમક કાર્યવાહીના કારણે દબાણકર્તાઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

શહેરના ટ્રાફિકથી પ્રભાવિત અને જાહેર અવરજવરમાં અવરોધરૂપ વિસ્તારોને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કમાટીબાગ અને ફતેગંજ બેંક ઓફ બરોડા વિસ્તાર, EME રાત્રી બજાર, આજવા ચોકડી રાત્રી બજાર, પંડ્યા બ્રિજ, કમલા નગર તળાવ વિસ્તાર, પ્રતાપનગર હેડ ક્વાર્ટર તથા ITI નજીકના માર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

પાલિકાની ટીમોએ ટ્રાફિકને અડચણરૂપ બનતા વિવિધ સર્કલોની આસપાસ 30 મીટરના વિસ્તારમાં આવેલા ગેરકાયદેસર દબાણો દૂર કર્યા હતા. ખાસ કરીને સરદાર એસ્ટેટ સર્કલ, વૃંદાવન સર્કલ, પરિવાર સર્કલ, ગુરુકુળ સર્કલ અને સોમા તળાવ સર્કલ વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રસ્તા અને ફૂટપાથ પર કરવામાં આવેલા અતિક્રમણો દૂર થતાં વાહનચાલકો અને સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી હતી. આ ઉપરાંત વોર્ડ નં.11ના સ્ટાફની મદદથી મનીષા ચોકડી પાસે ફૂટપાથ પર ગેરકાયદેસર રીતે પથારા પાથરીને બેસતા ફૂલવાળાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. પાલિકાએ તેમના પથારા દૂર કરી સામાન જપ્ત કર્યો હતો તેમજ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરામાં આજે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન

125થી વધુ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, તરસાલી, વડોદરા દ્વારા આવતીકાલે તા. ૨૨ મે ૨૦૨૬ ના રોજ વડોદરા ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો સવારે ૧૦:૦૦ કલાકે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, પહેલો માળ, આઈટીસી બિલ્ડિંગ, આઈટીઆઈ કેમ્પસ, તરસાલી, વડોદરા ખાતે યોજાશે.

આ ભરતી મેળામાં ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ. (તમામ ટ્રેડ) અને સ્નાતક (બી.એ., બી.કોમ.) પાસ ઉમેદવારો ભાગ લઈ શકશે. ભરતી મેળામાં વડોદરાના પાંચથી વધુ નોકરીદાતાઓ ઉપસ્થિત રહીને ફીટર, વેલ્ડર, ડીઝલ મેકેનિક, પેન્ટર, કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ, રિલેશનશિપ ઓફિસર અને એપ્રેન્ટિસ જેવી ૧૨૫ થી વધુ ખાલી જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેશે.

ભરતી મેળા દરમિયાન ઉમેદવારોને વિદેશ રોજગાર અને શિક્ષણ માટે સેફ લીગલ માઈગ્રેશન, સંરક્ષણ ભરતી પૂર્વેની પરીક્ષાલક્ષી ફ્રી નિવાસી તાલીમ, સ્વરોજગાર, કરિયર ગાઈડન્સ અને કાઉન્સેલિંગ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના, પીએમ વીબીઆરવાય યોજના અને એપ્રેન્ટિસશિપ યોજનાની માહિતી અપાશે. ઉમેદવારોને ઓનલાઈન રોજગારી શોધવા અને એપ્લાય કરવા માટે અનુબંધમ અને એનસીએસ પોર્ટલ પર નામ નોંધણીની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે.

ભરતી મેળામાં રસ ધરાવતા અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના ત્રણ બાયોડેટા (રેઝ્યૂમે) સાથે નિયત સ્થળે અને સમયે સ્વખર્ચે ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રમત, રાજયોગ અને સંસ્કાર સાથે બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર

# બ્રહ્માકુમારીઝ અટલાદરા દ્વારા 300થી વધુ બાળકો માટે સમર કેમ્પનું આયોજન

**માતૃશક્તિ** વંદના સાથે ભવ્ય સમાપન

(પ્રતિનિધિ) વડોદરા, તા.21



બ્રહ્માકુમારીઝ અટલાદરા સેવા કેન્દ્ર ખાતે “લકી સ્ટાર્સ સમર કેમ્પ”નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 300થી વધુ બાળકો અને આશરે 500 જેટલા માતા-પિતાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ સાથે સંસ્કાર સિંચન કરવાનો હતો.

સાત દિવસીય સમર કેમ્પ દરમિયાન બાળકોને રમત દ્વારા મેડિટેશન, વેલ્યુ ગેમ્સ દ્વારા સારા મૂલ્યો, તેમજ દિનચર્યામાં સ્વાસ્થ્યવર્ધક જીવનશૈલી અને સારા વર્તનની આદતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેવાકેન્દ્ર સંચાલિકા બીકે ડૉ. અરુણાદીદીએ બાળકોનું સ્વાગત કરી રાજયોગ દ્વારા એકાગ્રતા અને આંતરિક શક્તિ વધારવાની પ્રેરણા આપી હતી.

કેમ્પ દરમિયાન ડાન્સ, આર્ટ, ક્રાફ્ટ, માર્શલ આર્ટ, યોગા, બ્રેઈન એક્સરસાઈઝ, જાદુના પ્રયોગો સહિત વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. ઉપરાંત બાળકોને પાણી અને ભોજનને સકારાત્મક ઊર્જાથી “ચાર્જ” કરવાની રીત પણ સમજાવવામાં આવી હતી. દરરોજ સેશન બાદ બાળકોને હેલ્થી નાસ્તો પણ આપવામાં આવતો હતો.

સમર કેમ્પના ભાગરૂપે બાળકોને સયાજીબાગની શૈક્ષણિક મુલાકાતે લઈ જવાયા હતા. ત્યાં પ્રકૃતિપ્રેમ, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અંગે પ્રેરણાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો. બાળકો દ્વારા બગીચાની સફાઈ કરી “ક્લીન ઈન્ડિયા, ક્લીન સિટી” અભિયાનનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. ઉપરાંત પ્રાણી સંગ્રહાલય, મ્યુઝિયમ અને મીની ટ્રેનની મુલાકાતે બાળકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

કેમ્પના સમાપન પ્રસંગે માતૃશક્તિ વંદના કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ માતાઓનું તિલક અને ખેસ પહેરાવી સન્માન કર્યું હતું. પ્રસિદ્ધ આધ્યાત્મિક ગાયિકા અને મોટિવેશનલ સ્પીકર બીકે ડૉ. દામિની બહેનજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અંતે બ્રહ્માભોજન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.